પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 05-11-2024 MIDDAY : 2.30 to 2.35pm

Day : TUESDAY Regional News

-----------------------------------

CM AMRELI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, 500 વર્ષ બાદ પ્રભુ શ્રીરામ અયોધ્યાના નીજ મંદિરમાં બિરાજમાન થયા પછીની આ વખતે પહેલી દિવાળી હતી. જે 140 કરોડ દેશવાસીઓ માટે વિશેષ હતી. અમરેલીના સાવરકુંડલા ખાતે 122 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા બાદ લોકોને સંબોધિત કરતા શ્રી પટેલે આમ જણાવ્યું હતું. ઉપરાંત શ્રી પટેલે સ્વર્ગીય ભગવાનભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ પણ કર્યું હતું.

શ્રી પટેલે ઉમેર્યું કે, આજે શહેરી વિકાસના બજેટમાં નોંધપાત્ર વધારો થયો છે.

-----------------------------------

SALANGPUR DHAM

દિવાળીના તહેવાર નિમિત્તે છેલ્લા પાંચ દિવસમાં બોટાદના સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરમાં 25 લાખ ભક્તોએ દર્શન કર્યા છે.. શ્રી કષ્ટભંજનદેવ ભોજનાલયમાં પાંચ દિવસ દરમિયાન આશરે 7 લાખ લોકોએ મહાપ્રસાદનો લાભ લીધો હોવાનું મંદિર દ્વારા જણાવાયું છે..

બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભીમાણી જણાવે છે કે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને દિવ્ય વાઘા તેમજ દાદાના સિંહાસનને 200 કિલોથી વધુ ગલગોટા અને ગુલાબના ફુલનો શણગાર કરાયો હતો. આજે શ્રી હરિ મંદિરમાં સુંદરકાંડ પાઠ પણ કરાયા હતા.

-----------------------------------

SMC PSI DEATH

સ્ટેટ મોનિટરીંગ સેલના પીએસઆઇ જે.એમ.પઠાણનું માર્ગ અકસ્માતમાં મોત થયું હતું..

આજે રાત્રે અઢી વાગ્યાની આસપાસ સુરેન્દ્રનગરમાં દસાડાના કઠાડા ગામ પાસે એક શૅંકાસ્પદ કારનો પીછો કરતાં હતા તે સમયે ટ્રેલર સાથે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પીએસઆઇ પઠાણનું મોત થયું હતું.. આ અકસ્માતમાં બે અન્ય કોન્સ્ટેબલ પણ ઇજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે ખસેડાયા હતા..

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પીએસઆઇ પઠાણના મોત અંગે શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે દારૂબંધી સામેની લડાઇમાં પીએસઆઇ પઠાણે પોતાનું જીવન હોમ્યું છે..

-----------------------------------

TAPI AROGYDHAM

તાપી જિલ્લા વન વિભાગ દ્વારા સોનગઢ તાલુકાના કિકાકુઈ ખાતે બનાવાયેલા સ્વર્ણિમ તાપી વનમાં વિવિધ ઔષધીઓ વનસ્પતિઓનું રોપણ કરાયું છે. રાષ્ટ્રીય રાજમાર્ગ નંબર 53 ની બાજુમાં બનેલા આ વનનો ઉદ્દેશ્ય અહીંથી પસાર થતા લોકો આરોગ્યની સાથે વનનું મહત્વ સમજે તે માટેનો છે, તેમ તાપી જીલ્લાના વન અધિકારી પુનિત નૈયરે જણાવ્યું હતું.

--------------------------

BHARUCH - CHAT PUJA TAIYARI

અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લામાં વસતા ઉત્તર ભારતીયો છઠપૂજા પર્વની ઉજવણી કરી શકે તે માટેની તમામ તૈયારીઓ પૂર્ણ થઇ ગઇ છે. ઉગતા સૂર્યની પૂજા કરીને સ્નાન કરવાના આ પર્વ નિમિત્તે અંકલેશ્વરમાં જળાશયો અને નહેરોની સાફ

સફાઇ કરવામાં આવી હતી. તેમજ આ સ્થળોએ પૂજાની પણ સુવિધા કરવામાં આવી હતી.

-----------------------------------

TANARIRI MAHOTSAV

મહેસાણા જિલ્લાના વડનગર ખાતે આ વર્ષે 10 અને 11 નવેમ્બર 2 દિવસ તાનારિરિ મહોત્સવ યોજાશે. મહેસાણા જિલ્લાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, આ બે દિવસ રાત્રે વિવિધ કલાકારો દ્વારા સંગીતના કાર્યક્રમો રજૂ કરાશે. પહેલા દિવસે મૈથિલી ઠાકુર અને ઓસમાણ મીર શાસ્ત્રીય ગાયન અને લોકકળા રજૂ કરશે.

જ્યારે બીજા દિવસે શશાંક સુબ્રમણ્યમ વાંસળીવાદન રજૂ કરશે. આ વર્ષે તાનારિરિ પુરસ્કાર ડૉ. પ્રદીપ્તા ગાંગુલી અને સુરેશ તલવાલકરને એનાયત કરાશે. ઉપરાંત આ મહોત્સવમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી, પ્રવાસન મંત્રી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

-----------------------------------